જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૦૧/૨૦૨૬ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૦૦ કેસ કરી, ૯૮ વ્યક્તિઓને ઝડપી, ૪૩૭ લીટર દેશી દારૂ, ૧૭૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૦૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૫ બિયર ટીન, ૦૧ રિક્ષા, ૦૨ સ્કુટર અને ૦૨ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧૦ કેસ કરી ૨૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૫,૮૪૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૧૨/૨૦૨૬**

સાયબર ક્રાઈમઃ મેમનગર વિસ્તારમાં રહેતી સિત્તેર વર્ષની મહીલાએ તા.૨૩/૦૧/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૧/૨૦૨૬ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન વોટસએપ નંબર ૭૩૪૮૯૦૩૪૯૬, ૭૬૬૨૦૪૦૨૦૩ તથા ૭૪૨૯૭૯૧૧૫૩ ના ધારકોએ ભેગા મળી વોટસએપ કોલ તેમજ વિડિયો કોલ કરી દુર–સંચાર વિભાગના અધિકારી તરીકે તેમજ મુબંઇ ક્રાઇમ બ્રાંચના પોલીસ અધિકારી તરીકે ઓળખ આપી મહીલાને જણાવેલ કે "તમારા આધાર કાર્ડ ઉપરથી રજીસ્ટર થયેલ મોબાઇલ નંબર ઉપર સને ૨૦૧૯ થી ૨૦૨૩ સુધીમાં તમારા બેન્કના એકાઉન્ટમાં દર મહીને ૨૫ લાખ રૂપિયા વ્યાજ આવે છે અને મહારાષ્ટ્ર મુબંઇ ખાતે ગુનો દાખલ થયેલ છે, જેમાં મુબંઇ પોલીસે એક આરોપીને એરેસ્ટ કરેલ છે અને તેણે કેનેરા બેન્કના એકાઉન્ટમાં બે પરીવાર સાથે ૨૪ કરોડનુ કોભાંડ કરેલ છે અને અને તમારો મોબાઇલ નંબર ચાઇલ્ડ પોનોગ્રાફી તથા ઇલીંગલ ગેમ્બ્લીંગમાં ઉપયોગ થયેલ છે જેથી તમારી વિરૂધ્ધ ચાઇલ્ડ પોનોગ્રાફી તથા ઇલીંગલ ગેમ્બ્લીંગ જેવા ગંભીર ગુન્હા દાખલ થયેલ છે અને આ કેસમાં તમોને એરેસ્ટ કરવા પડશે પરંતુ તમો ઉંમર લાયક છો અને તમારી પાસે તમારા કોઇ સગા ન હોવાથી તમોને એરેસ્ટ કરીશુ નહી પરંતુ વિડીયો કોલ ઉપર તમોને તમારા ઘરે હાજર રાખી વિડીયો કોલ ઉપર ઇન્વેસ્ટીગેશન કરીશુ તેમ જણાવી વોટ્સએપ કોલથી સર્વેલન્સ રાખી બનાવટી મુબંઇ ક્રાઇમ બ્રાંચની એફ.આઇ.આર. તેમજ સુપ્રીમ કોર્ટનો લેટર મોકલી ડરાવી બળજબરી પુર્વક મહીલાના બેન્ક એકાઉન્ટમાં રહેલ રકમ ઇન્વેસ્ટીગેશનના ભાગરૂપે ટ્રાન્સફર કરવાનુ જણાવી ઇન્વેસ્ટીગેશન કરી દિન–૦૩ માં તે નાણાં રીફંડ મળી જશે તેવો ભરોસો આપી મહીલાના ખાતામાંથી તેઓએ આપેલ ખાતામાં રૂપિયા ૨૪,૦૦,૦૦૦/– આર.ટી.જી.એસ.મારફતે ટ્રાન્સફર કરાવી મેળવી લઈ નાણાં રીફંડ નહીં કરી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.વી.વાઘેલા ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૧૩/૨૦૨૬**

ઓઢવઃ માવજીભાઇ પુજાભાઇ પટેલ (રહે. હરીઓમ પાર્ક વિજય સેલ્સ પાસે એસ.પી.રીંગ રોડ ઓઢવ) એ તા.૨૩/૦૧/૨૦૨૬ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૦૧/૨૦૨૫ રાતના ૦૮/૩૦ થી તા.૧૪/૦૧/૨૦૨૫ સવારના ૧૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઓઢવ સીંગરવા સફારી હોટલ પાછળ સત્સંગ એસ્ટેટ શેડ નંબર–૩૮ દુકાનના શટર તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી એલ્યુમિનિયમનો ભંગાર, લોખંડનો ભંગાર તથા કોપરનો વેસ્ટ વાયર લોચરૂ તેમજ કોપરનો ભંગાર અને પિતળનો લોચરુ મળી કુલ કિમત રૂપિયા ૧,૬૭,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.આર.જાડેજા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૧૪/૨૦૨૬**

સરદારનગરઃ મુકેશભાઇ ગણેશભાઇ ડાભી (ઉ.વ.૨૩) (રહે. રબારીવાસ સુભાષનગર નોબલનગર સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૧/૨૦૨૬ સવારના ૧૦/૦૦ થી બપોરના ૦૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે છતમાં લોખંડની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેશભાઇ જેસંગભાઇ ચલાવે છે.

સાબરમતીઃ ભાવનાબહેન સંદિપભાઇ વાઘેલા (ઉ.વ.૪૨) (રહે. સુભાષનગર જુના અચેર સાબરમતી) એ બિમારીથી કંટાળી તા.૨૦/૦૧/૨૦૨૬ કલાક ૦૯/૧૫ થી કલાક ૦૯/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને પુખરાજ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૩/૦૧/૨૦૨૬ કલાક ૧૦/૦૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રમેશભાઇ મંગળભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી